શ્રી ગણેશાય નમઃ

મધુરબાળા.

નાટકનો ટુંક સાર અને ગાયનો.

શ્રી વિદ્યાવિનોદ નાટક સમાજ માટે

પ્રયોજક

રામનારાયણ મોહનલાલ પાઠક.

મુંબઈ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

પ્યારેલાલ વિઠ્ઠલરાય મહેતા,

'શ્રી વિદ્યાવિનોદ નાટક સમાજ' ના માલેક. (અમદાવાદ)

વિક્રમાર્ક ૧૯૬૯ ઈ. સ. ૧૯૧૩.

આવૃત્તિ પહેલી. પ્રત ૨૦૦૦.

મૂલ્ય બે આના.

અમદાવાદ
શ્રી ડાયમન્ડ જ્યુબિલિ પ્રીન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યાં.

મધુરબાળા નાટકનાં મુખ્ય પાત્રો.

પુરૂષ વર્ગ.

વિજયસેન—વિજયનગરનો અધિપતિ.

ચંદ્રકુમાર—વિજયસેનનો નવો દીવાન.

કુરસિંહ—વિજયસેનનો પિત્રાઈ ભાઈ.

મલબારી—એક વકીલ.

જંગબારી—એક વેપારી પાછળથી મલબારીનો જમાઇ.

ભાણો—જંગબારીનો ભત્રીજો.

સ્ત્રી વર્ગ.

મધુરબાળા—ચંદ્રકુમારની પત્ની.

ભાનુમતિ—વિજયસેનની રાણી.

સુશીલા—કુરસિંહની સ્ત્રી.

મેના—વકીલની છોકરી-જંગબારીની સ્ત્રી.

ગુલાબ—જંગબારીની નવી મા.

સિવાય ગુરૂ-દરબારી-વારાંગનાઓ-દાસ દાસીઓ વિગેરે વિગેરે.

સ્થળઃ—વિજયનગર તથા તેની નજીકનું જંગલ.

શ્રી ગણેશાય નમઃ

મધુરબાળા.

નાટકની પ્રવેશવાર ટુંક હકીકત.

મંગળાચરણ.

અંક ૧ લો.

પ્રવેશ ૧ લો:—વિજયસેનનો વિજય દરબાર; વિજયસેન પોતાના રાજ્યારોહણનો વાર્ષિક મહોત્સવના આનંદ નિમિત્તે રાજ્યના મરહુમ પ્રધાનના પુત્ર ચંદ્રકુમારને મંત્રી પદ તથા પોતાના પિત્રાઈ ભાઈ ક્રુરસિંહને સૈન્યાધ્યક્ષની માનવંત પદ્દી આપે છે; ક્રુરસિંહને પ્રધાન કુટુંબ સાથે ઘણા વખતથી વૈર છે તેથી પોતાની સરસાઈ ભોગવનારને પોતાના કરતાં ચડતી પદ્દી મળતી જોઇ ક્રુરસિંહને વધારે વૈરની લાગણી થાય છે તેથી તથા રાજ્ય લોભની મલીન વાસનાથી ઉશ્કેરાઈ તે પ્રપંચજાળ બીછાવવાનો ઇરાદો કરે છે.

પ્રવેશ ૨ જો:—મહારાજાને મુબારક દિવસની વધાઈ દેવા મધુરબાળાને રાણીવાસ તરફ જતી જોઇને ક્રુરસિંહ પોતાની દુષ્ટ ઇચ્છાથી તેની પાસે પ્રેમ માગણી કરે છે. બન્ને વચ્ચે રકઝક થતાં, પાસેના રાણીવાસમાંથી મહારાજા વિજયસેન ત્યાં આવે છે. પ્રપંચથી ક્રુરસિંહ રાજાને મધુરબાળાનું નામ પુછી રાણીવાસમાં કોઈ દગાખોરનો પ્રવેશ ન થાય તે માટે ખાત્રી કરવા કહે છે. રાજા મધુરબાળાના મુખદર્શનની હઠ કરે છે આ તકનો લાભ લઇને ક્રુરસિંહ રાણીને તેડી લાવે છે. અને રાજાને તથા મધુરબાળાને વાત કરતાં બતાવી તેના

મનમાં એમ ઠસાવે છે કે રાજા મધુરબાળા પર પ્રેમ રાખે છે. રાણીના મનમાં રાજા માટે વ્હેમ થાય છે. અહીંથી કુરસિંહની જાળની શરૂઆત થાય છે.

પ્રવેશ ૩ જો:—કૉમીક–પોતાના ઉપર થયેલા હુકમનામાની બજવણી માટે બેલીફને હાથ તાળી દઇ નાસભાગ કરતો જંગબારી; વકીલ મી. મલબારીના ઘરમાં આશરો લે છે, વકીલ બહાર ગયો છે તેથી તેની છોકરી મેના અસીલનું મન રાજી રાખવા તેનો આદર-સત્કાર કરે છે. વાતચીત પરથી બન્ને એક બીજાં કુંવારાં છે એમ જાણે છે. જંગબારી, પોતાને વારસા સર્ટીફીકેટનો કેસ આપવો છે એમ ગપ મારે છે. મેનાને તેના તરફ પ્રેમ થાય છે. વકીલ બ્હારથી આવે છે. કેસના ગોટાળા. કેસમાં વારસનાં નામ લખતાં વકીલનું મન જંગબારી જાણી લે છે અને મેનાને પરણવાની યુક્તિ રચે છે. પોતાને એક કુંવારી ભત્રીજી છે એવું જણાવતાં વકીલ તેને પોતાને ત્યાં બોલાવવા મેનાને મલબારી સાથે મોકલે છે.

પ્રવેશ ૪ થો:—મધુરબાળા તથા સખીઓનો આનંદ. પોતાના પતિનુ રાજ્ય તરફથી સન્માન થયેલું જોઇ મધુર પ્રેમઘેલી બની પિયુને મળવા તલપી રહી છે. મધુર–ચંદ્રનો પ્રેમાલાપ. જાલીમ આવીને પોતાના પ્રપંચથી એક સુખી સંસારમાં ઝેરનું બીજ રોપે છે. મધુરને રાજા પ્રત્યે પ્રેમ લાગણી છે એ વાત જાણતાં ચંદ્રકુમાર ક્રોધવશ બને છે અને મધુરને સાથે લઈ એક ઘોર પાપનો આચારી થવા રાજાના મ્હેલ તરફ જાય છે.

પ્રવેશ ૫ મો:—ખૂનપર ચડેલા કુરસિંહના વિચાર સાંભળી સુશીલા તેને કંઈ પણ પાપ ન કરવાને માટે વિનવે છે, પણ તેનું કહેવું વ્યર્થ જાય છે. કુરસિંહ રાજાનું ખૂન કરવા ચંદ્રની પાછળ જાય

છે, સત્ય ધર્મ પરાયણ–પોતાના ભરથારનું શ્રેય ચાહનારને સતિ સુશીલા પોતાના સૌભાગ્યના કલ્યાણ અર્થે રાજાને બચાવવાની ઇચ્છાથી તેની પાછળ જાય છે.

પ્રવેશ ૬ ઠ્ઠો:—જંગબારી પોતાને ભત્રીજી નથી તેથી ગભરાય છે તેવામાં તેની નવી મા ગુલાબ આવીને તેના પર ચીડાય છે. બન્ને વચ્ચે તકરાર થાય છે. ગુલાબ તેના પર ભરણપોશણનો દાવો કરવા માટે જાય છે. પાછળથી મેનાની યુક્તિથી જંગબારી પોતાના ભત્રીજા ભાણીઆને સ્ત્રીનો વેશ પહેરાવી પોતાની ભત્રીજી તરીકે ઓળખાવવાનો ઠરાવ કરે છે. મેનાને પરણવાની ઉમેદ રાખનો ભાણો પ્રપંચ સમજતો નથી તેથી મેનાને પરણવાની લાલચથી આ વાત કબુલ કરે છે ને સ્ત્રીવેશમાં વકીલને ઘેર જાય છે.

પ્રવેશ ૭ મો:—વિજયસેનને, મધુરબાળાના મુખદર્શનની હદ માટે પોતે કરેલી ભુલ માટે પશ્ચાતાપ થાય છે. વિક્ષેપ થવાની ચિંતાથી તેને નિદ્રા પણ આવતી નથી. ક્રુરસિંહના પ્રપંચથી ચીડાઈ રહેલ રાણી વાતનો ભેદ જાણવા અહીં આવે છે પણ રાજાની સ્થિતિ ચિંતાગ્રસ્ત જોઈ વાત ટુંકેથીજ પતાવે છે. રાજાને શાંતિ થાય એવા યત્ન કરી રાજા નિદ્રાધીન થતાંજ રાણી પાછી ચાલી જાય છે. પાછળથી ક્રુરસિંહ, ચંદ્ર, તથા મધુર રાજાનું ખૂન કરવા મહેલમાં દાખલ થાય છે. ક્રુરસિંહ પેહેરેગીર સાથે રોકાય છે દરમીઆન ચંદ્ર રાજાને મધુરને હાથે ટુંકો કરાવવાનો યત્ન કરે છે. પેહેરેગીર મધુરને ખૂન કરતાં જોઇ તેના તરફ ધસે છે કે તરતજ પાછળથી ક્રુરસિંહ તેને ઠાર કરે છે ને ગુન્હેગાર તરીકે ચંદ્રને તથા મધુરને પકડી લે છે. રાજા જાગી ઉઠે છે ને નજર સામે એક વિચિત્ર ચિત્ર જુએ છે.

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો:—રાજા રાણીને પોતાના વચનમાં રમાડી કુરસિંહે ગુન્હાની તપાસ કરવાના બ્હાનાથી મધુરબાળાને પોતાના કબજામાં રાખી છે. તેનાપર કુદ્રષ્ટિ કરી કુરસિંહ જુલમ ગુજારે છે; સતી જીવના જોખમે શીયળ સાચવવા અડગ રહે છે. કુરસિંહ તેને મારવા તૈયાર થાય છે. સુશીલા આવે છે. વખતનો લાભ લઇ મધુર ન્હાસી છૂટે છે; કુરસિંહ તથા સુશીલા વચ્ચે સખત તકરાર થાય છે. ન્યાયમાર્ગી સુશીલા નિર્દોષને બચાવવા અને એ રસ્તે પોતાનું સૌભાગ્ય અખંડ રાખવા, પોતાના પતિથી વિરૂદ્ધ વર્તવાની પ્રતિજ્ઞા કરી ચંદ્રને બંધનમુક્ત કરવા તૈયાર થાય છે. રાણી આવી મધુર સંબંધી હકીકત કુરસિંહને પુછે છે. પ્રપંચી એક નવો પ્રપંચ રમે છે. રાજાએ તેને છોડાવી મુકી અને રાજ્ય સત્તા તેનેજ સોંપવાનો રાજા ઇરાદો રાખે છે એમ કહી રાણીના વ્હેમનો વધારો કરે છે. રાણી ચંદ્રના વધનો હુકમ લખાવી આપવા કુરસિંહને લઇને જાય છે. સુશીલા ચંદ્રને છૂટો કરવા જેલ તરફ જાય છે.

પ્રવેશ ૨ જો:—મલબારી, જંગબારીની ભત્રીજીની રાહ જુએ છે ત્યાં ગુલાબ આવે છે. વકીલ તેનાપર મોહીત થાય છે. બન્ને વચ્ચે પ્રેમવિનોદ ચાલતો હોય છે તેવામાં જંગબારી, મેના તથા ભત્રીજીના વેશમાં ભાણો આવે છે. જંગબારી ગુલાબપર ચીડાય છે પણ વખતને સમજી કાંઇ બોલતો નથી. વકીલના તથા ભાણાના ગોટાળા.

પ્રવેશ ૩ જો:—પોતાની હાલતથી દુઃખી થતા ચંદ્રકુમારને સુશીલા આશ્વાસન આપી તેને તેની ભુલ સમજાવે છે. ત્યાં કુરસિંહ આવે છે. કુરસિંહ, ચંદ્રને સમજાવે છે કે રાજગાદી મને મળે એ કામમાં મારો મદદગાર થા તો હું તને છોડું. ચંદ્રનો કુરસિંહ સાથે નીતિભર્યો સંવાદ. કુરસિંહ ચીડાય છે ને રાજાએ આપેલ હુકમ મુજબ તેનો વધ કરવા તૈયાર થાય છે. સુશીલા ચંદ્રને બચાવે છે. છૂટો કરે

છે. ક્રુરસિંહ સુશીલાને મારવા ધસે છે. પણ સુશીલાએ પ્રથમથીજ હથીઆર ભાંગી તોડી નાંખ્યાં છે એટલે તેનો જીવ બચી જાય છે.

પ્રવેશ ૪ થોઃ—મશ્કરી તથા ભાણીની ગમ્મત, ભાણી (ભાણો) પરણવાનું કબુલ કરતી નથી તેથી તેને મનાવવા જંગબારી ચાબુકનો ઉપયોગ કરે છે. ગુલાબ સપાટામાં આવી જાય છે. પકડાઇ જવાની બ્હીકથી ગુલાબ ન્હાસી જાય છે ને માર પડવાની બ્હીકથી ભાણી પણ પરણવાનું કબુલ કરે છે.

પ્રવેશ ૫ મોઃ—ક્રુરસિંહના પંજામાંથી છૂટી મધુરબાળા એક યોગીના આશ્રમમાં રહી છે. પિયુ વિરહથી મુઝાઇને બળી મરવા તૈયાર થાય છે. યોગી એમ કરતાં તેને અટકાવે છે અને વાંચ્છિત મળવાનો આશીર્વાદ આપે છે. પાછળથી પોતાની ભયંકર ભુલનો પશ્ચાતાપ કરતો ચંદ્રકુમાર બંદીખાનામાંથી છૂટયા પછી અહીં આવી ચડે છે. બન્નેનો મેળાપ. એક અતીવ હૃદય ભેદક પ્રસંગ.

પ્રવેશ ૬ ઠ્ઠોઃ—ચંદ્રકુમાર ન્હાસી છૂટયાનો પ્રસંગ રાજા જાણે છે. રાજ્યમાં થતા આવા ભયંકર અપરાધનું કારણ ન સમજતાં રાજા મુંઝાય છે. ગુન્હેગારને બંદીખાનામાંથી છૂટો કરનારનો પત્તો મેળવવા રાજા ક્રુરસિંહને કહે છે. સુશીલા જાતે હાજર થાય છે અને એ ગુન્હેગાર પોતે છે એમ જાહેર કરે છે અને એક માસની મુદતે ગુન્હેગારને હાજર કરવાની શરત કરે છે. રાજા તે વાત કબુલ રાખે છે ત્યાં રાણી આવે છે. પાપી ક્રુરસિંહ વળી નવો પ્રપંચ રમે છે. રાણી રાજસત્તા પોતાના હાથમાં લેવા હઠ કરે છે. અંતે વ્હેમથી ઉશ્કેરાઇ ગયેલી રાણી રાજાને ઘણાં અયોગ્ય વચનો કહે છે. રાણી બોલવાની હદ મૂકે છે. રાજા રાણીને મારવા ગોળી છોડે છે. સુશીલા દાસીને હડસેલો મારી રાણીને લઈ ન્હાસી જાય છે. રાજાને ક્રુરસિંહ રાણીના ખૂની તરીકે પકડી લે છે.

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો:—યોગીના આશ્રમમાં પતિને દુ:ખદ પ્રસંગમાં સતી તરફથી મળતો દીલાસો. ત્યાં રાણી તથા સુશીલા આવી પહોંચે છે. કેટલીક પ્રાસંગીક વાતચીત થયા બાદ સુશીલાનો વિશ્વાસુ માણસ આવીને ચંદ્રને રક્ષણનાં સાધન આપે છે તથા રાજ્યની હકીકત કહે છે. રાજા રાણીના ખૂનના ત્રાસથી ગાંડો થયો છે એ વાત જાણી ચંદ્ર પોતાની બુદ્ધિનો ઉપયોગ કરે છે અને રાણીને તથા મધુરબાળાને એક ડાક્ટરના વેશે નગરમાં જવા અને યુક્તિથી રાજાની સારવારનું કામ કરવાનું કહીને વિદાય કરે છે. પાછળથી કુરસિંહના માણસ આવીને ચંદ્રને પકડી લે છે.

પ્રવેશ ૨ જો:—રાજ્ય સત્તા પોતાના હાથમાં લઈ મદથી અંધ બનેલ કુરસિંહ ચંદ્રના પકડાઇ જવાના સમાચાર સાંભળવાની ઇંતેજારીમાં. રાણી તથા મધુરબાળા ડાક્ટર વેશે આવે છે. રાજાને ઝેરથી મારી નંખાવી રાજા થવાની ઇચ્છાથી કુરસિંહ તે બન્નેને રાજાની સારવારમાં રોકે છે, ને તેમને પોતાના વિશ્વાસુ માણસ સાથે રાજમહેલમાં મોકલે છે. પાછળથી ચંદ્રને લઇ આવવામાં આવે છે. બીજા ગુન્હેગારોનો પત્તો આપવા કુરસિંહ તેને સમજાવે છે. ચંદ્ર માનતો નથી. તેને સખત બંદોબસ્તમાં કેદ રાખી ન્યાયાસન સમક્ષ તેનો ન્યાય કરવાનો ઠરાવ કરી કુરસિંહ રાજ્યમહેલ તરફ જાય છે.

પ્રવેશ ૩ જો:—કુરસિંહની ચાલચલગતથી રાણી પુરેપુરી માહીત થઈ છે. હવે જે વખત જાય તેમાં કુરસિંહને ફસાવવાની યુક્તિઓ તે રચે છે. કુરસિંહ આવી રાજાને ઝેરથી ટુંકો કરવા કહે છે. બદલામાં ઇનામ આપવાની લેખીત કબુલાત આપે છે. રાણી ઢોંગથી કબુલ કરી લેખ લખાવી લે છે અને આ રીતે પોતાનો શીકાર ફસાયો જાણી ખુશી થાય છે. ગાંડો રાજા. રાણીની હૃદયવેદના.

પ્રવેશ ૪ થો:—મેના તથા જંગબારી પોતાનાં લગ્ન થઇ ગયાં તેથી આનંદ માને છે. મલબારી એક ઇશ્કી ફક્કડ થઈ બાણીને પરણુવા તૈયાર થઇ આવે છે. ભેદ ફુટી જાય છે. વકીલ મેનાનું મ્હોંડું ન જોવાથી પ્રતિજ્ઞા કરી ચીડાઈ ચાલ્યો જાય છે. પ્રેમી જોડાનો આનંદ.

પ્રવેશ ૫ મો:—કુરસિંહ, સુશીલાને મારી નાંખવા તૈયાર થાય છે. રાણી કુરસિંહને પકડાવે છે. પોતે ફસાઈ ગયો એમ જાણતાં કુરસિંહ પસ્તાય છે. રાણી, રાજાની તબીઅત સુધરવાથી તથા પોતે પ્રપંચનો ભેદ જાણી શકી તેથી ખુશી થાય છે.

પ્રવેશ ૬ ઠ્ઠો:—રાજ દરબાર. ગુન્હેગારોનો ન્યાય. નિર્દોષ ચંદ્રને પોતાની અમલ પછી સોંપાય છે. સુશીલાએ ચંદ્ર ઉપર કરેલા ઉપકારથી કુરસિંહનુ જીવન બચી જાય છે અને સુશીલાનું સૌભાગ્ય સચવાય છે. છેવટે આનંદ.

શ્રીગણેશાય નમઃ

મધુરબાળા

નાટકનાં ગાયનો.

મંગળાચરણ.

(૧)

સુત્રધાર બાળાઓ } સરજનહાર સુખદાતાર વંદુ નેહે વિભુ વાર વાર,
ભવ ભયહાર, જગદાધાર મતિ દેજો પ્રભુ વિમળસાર;
જગત વંદ્ય વિભુ અનંત યાચુ કૃપા તુજ વિજયવંત,
કૃતિ બનો સુખદ અપાર સર્વદા સુખદા;
વિજય રતિ દેજો કિરતાર સદાય, સદાય, સદાય.

(૨)

બાળાઓ—મહિમા છે મોટો સતિનો સાહેલડી (૩)
અમરાપુરીની અમર સુખ વેલડી (૩)......મહિમા.

ગુણવંતી પતિ તણા ચરણે ચિત્ત રાખે,
કુળવંતી મુખથી અસત્ય ન ભાખે;
પતિના ગુણ ગાને સદા બને ઘેલડી (૩)......મહિમા.

સ્વર્ગ સમો સુંદિર બનાવે સંસારને,
પુણ્યવતિ પ્રમદાઓ પાળી સદાચારને;
અજ્ઞાની શું જાણે એરંડો કે શેલડી (૩)......મહિમા.

(૩)

દરબારીઓ—રહો અમર અજર રાજ,
સૂર્ય ચંદ્ર સમ તપો તાજ;
જશ જામો જગે તમ રાજ,
પામો નિત્ય નવાં સુખ સાજ;
પાળો પ્રજા પ્રેમે ન્યાયે વિરામો,
વિમળ યશ દશે દીશ જામો;
ન્યાયી ગરીબ નિવાજ......................રહો.

(૪) .

વારાંગનાઓ—કામણગારી કારી તારી નયન કટાર,
સાન ભાન ભૂલી સહુ ઘેલી વ્રજ નાર......કામણ.
નયન ભરી નીરખે રતિવલ્લભ
સુંદરી રસ શૃંગાર............કામણ.
અધર સુધારસ પાયે અધરથી
કોમળ કળી સુકુમાર.........કામણ.

(૫)

મજુરબાળા—મંગળ દિન સુહામણો, આનંદ ધરે ઘર આજ,
પ્રજા પાળ ભુપાળનાં, ન્યાયે તપો આ રાજ;
અવસર અનુપમ અતિ સુખદ ધન્ય દીન આજનોરે,

મંગળ મુદભર જન મન પ્રફુલીત;
નરવર ગુણ ગાનેરે....................અવસર.
ધર્મ ધુરંધર છે નૃપતિ આ ઇંદ્ર દેવ અવતાર,
વિજયી જય અવિચળ જગપર જામો. અવસર.

(૬)

મધુરબાળા—અધિરાજ રાચો રસીયા તખ્તે
સુખે ચિરકાળ
શરતાજ હ્યો આપુ વધાઈ
મહારાજ હ્યો સુખને સ્થાઈ..............અધિરાજ.
ઉમંગ પ્રજાનાં અનવધી ઉર હર્ષ નવ માય
મંગળ દિન છે આજનો ઘર ઘર ઉત્સવ થાય...અધિરાજ.

(૭)

મલબારી—પ્લીડર કેરા માંડયા ધંધા ખોટા જગ માંહી મોટા
ઘર ઘર અંદર બન્યા કલંદર મોટા, હા મોટા
જગમાં મોટા ઘરના ખોટા મોટા છે ગોટા
સઘળે છે પોલંપોલા ભારી
અગડં બગડંની યારી
કેડીટ મારા મારી ભારી
જગમાં પોઝીશનની બલીહારી
ગડબડ ગોટાથી યારી સાચાની ખ્વારી. પ્લીડર.

(૮)

મેના-જંગબારી—છોડો છોડોજી છબીલા છેલા રાખો કંઈ લાજ
મીઠી મન ગમતી મોંઘી માનુની પામ્યો હું આજ
છોડો જોશે કોઈ માનો મારૂં શાણા શીરતાજ
આવો આવો
ના શરમાઓ
ના ગભરાઓ
શીદ સતાવો
કામણગારી
ભોળી નારી
માનો પ્યારી
અતે હારી..............છોડો.

(૯)

સખીઓ
મધુરબાળા } બની ઠની આલી ક્યાં તું ચાલી ઉભી રહે ઉભી લગીર,
મુખ મલકાયે રસ છલકાયે અંગે આવડી શાને અધીર;
અંતર ડોલે ધીમુ ધીમુ સ્વેદે ભીંજાય શરીર,
નયન કુરંગી ચીત્ત ચતુરંગી ગુણીયલ ગુણ ગંભીર.
નવ પલ્લવ ખીલી રહી, વસંત જગ મોઝાર,
મધુકર રસ ચુસી રહ્યા, કુસુમ કળી અનુસાર.
ખીલી નવેલી તારી વસંત વેલી ઘેલી ઓ છાક છકેલી,
ચિત્ત અકેલી કહે મન સેલી મળવા મોહનને બની ઘેલી. બની.

(૧૦)

સખીઓ— } મદ ઘેલી માનુની માન મોંઘા મોહનને મનાવજે,
મધુરબાળા— } રંગ ભોગી રસીયાને વ્હેન રસના પ્યાલા પીવરાવજે.

હૈયે ઝુલાવજે શાન્તિ સજાવજે,
એ...લ્હાવ લઇ લાખેણો દુનિયાં ડોલાવજે...મોંઘા.

છોડ કેડો હારી હું તુથી બાઇ,
બાઇ શાને કરે ચતુરાઇ;
જાણી મેં સચ્ચાઈ,
મધુર અધરામૃત પાને લોભાવજે... ... ...મોંઘા.

(૧૧)

મધુરબાળા—નેહ નજરે નાર નિહાળી ભવસાગરથી તરજો,
ભામા ભવરણ તારણ શાણા શીખામણ ઉર ધરજો;
ગૃહિણીથી ગૃહ રાજ કરજો... ... ...નેહ.

ગૃહની દેવી છે ગુણવંતી બાળા,
ભામા ભક્તિ પ્રીતિ દાનથી લાલા,
વસ્ત્રાભુષણ રીઝવવાના ચાળા,
સઘળી સંપત એક સ્નેહમાં વ્હાલા;
પ્રેમ તણા પંથે, વિચરજો... ... ...નેહ.

(૧૨)

મધુર— } જાઓ જાઓ રસીકરાજ શાને સતાવો
ચંદ્ર— } છેલા ઘેલા શાને થાઓ

છોડો છેડો મ્હારો મુકો કેડો હવે
જાઓ જાઓ દૂર જાઓ જાઓ.

રામા રસીલી પ્રીતિરસ પાઓ
નાથ નમેરા શાને આમ થાઓ

પાતું ઘુંટ એક પ્રેમનો
જાણું તમારા એ ચાળા એ છોગાળા
જાઓ જાઓ શરમાઓ.-જાઓ.

(૧૩)

સુશીલા—ચેતજો જગની જુઠી જંજાળ છે, ભાન ભૂલે તો ભવમાં બેહાલ છે.

મોહે મુરખા શું મલકાય કોના ધન ધામ અને માલ છે,
અભિમાનમાં છેક જાયે છકી શું, માથે તાકી રહ્યો કાળ છે.

કાયાનો પાયો કાચો સમજજો, માયા તણી મધ લાળ છે,
અજ્ઞાને અથડામાં અંધા, ધરતીનો વસમો ઢાળ છે.

ખીલ્યાં તે ખરવાને કાજે, સૌની અંતે એક ચાલ છે,
કાળને ઝપાટે ઝડપાઈ જાતાં, કોઈ બુઢ્ઢા કોઈ બાળ છે.

(૧૪)

મેના— }
જંગબારી— } પ્રેમ રંગ ઝુલે ઝુલો હૈયા હાર
ઝીલો આ જોબનનો બહાર વ્હાલમા......પ્રેમ.

કામણગારી જાઉં હું વારી
ચોર્યું ચિત્ત શાણા સરદાર, આજ મારૂં......પ્રેમ.

પ્રેમે ફસાવી દીવાની બનાવી
હું પણ દીવાનો દીલદાર, આજ બન્યો......પ્રેમ.

(૧૫)

ભાણો—
જંગબારી—
મેના—
લટકે મટકે
બની ચટક મટકતી ચાલ ચાલતી ચિત્તહર ચતુરા વાહ
વાહ ભાણી ભાણી વાહ

શું મનહર મદમાતી લચકાતી જોબનવંતી વાહ

ભાણાભાઈ તો ભાણી બન્યા પણ અંદર પોલંપોલ
ગરજે કહેવો પડે ગદ્ધાને કાકો એવો જમાનાનો બોલ

છબી મારી મન હારી અતિ સારી
જોઈ ભાન ભૂલે સહુ વાહ..............લટકે.

(૧૬)

વિજયસેન—પસ્તાઉં મુજ દોષ નિહાળી
સાહસમાં ભય સદાય રહ્યો છે.........પસ્તાઉં.

સાહસથી રાવણ રોળાયો
દુર્યોધન મરી દુઃખે ગયો છે.........પસ્તાઉં.

ઈંદ્ર ચંદ્ર ને કંસ તણો વળી
સાહસે આપથી કાળ થયો છે.........પસ્તાઉં.

(૧૭)

વારાંગનાઓ—જાઓજી નાહીં રોકો હો નંદના કુમાર
દેખે છે સખી મારી
ઉભી છે જુઓ બહાર
શામળીઆ જીવન હાર ....નાહીં.
રાધે ઘેલી પ્રીતિની વેલી
અધર અમી રસ પાઓ અલબેલી
હઠ કરો શાને વ્હાલા જોશે કોઇ નાર (૩) નાહીં.

(૧૮)

મધુરબાળા—અકળ છે આ કૃતી જગતની ન્યારી
કળાએ નહીં કોથી કળા એ ભારી
મુંઢ વ્યર્થ ફરે અરે હુંપદ ધારી........... અકળ.
વિધીના લેખો કોથી ટાળ્યા ટળે ના
એવું જાણે તોય અંધ થઇ
મદમાં જાયે છકી છેક
બને અવિચારી...........................અકળ.

(૧૯)

મધુરબાળા—મોહે બનો શું અંધારે ઉંધા કરો શું ધંધારે
નવ ધર્મ તજો......હારે
કદાચ વિષ પીવું સ્હેલું પણ જેમ હણે છે પ્રાણ

પરસ્ત્રી સંગત તેવી જાણો જેવી છે નરકની ખાણરે
ડાહ્યા દીલમાં વિચારોરે એજો જાયે જનમારોરે...નવ.
વિશ્વે વનિતા અનેક છે પણ સૌમાં એક વિલાસ
જેમ ગોરી કે કાળી ગાયના પયની છે સરખી મીઠાશરે...મોહે.

(૨૦)

સુશીલા—અબળાના બેલી વ્હાલા મારા સુંદર શ્યામળા
બહુ નામી જગ જનના સ્વામી લજ્જા રાખો શ્રીઘનશ્યામ
નટવર નાગર દીનબંધુ કેશવ કરૂણાના સીંધુ
પ્રેમથી પ્રભુજી લ્યો ઉગારી. સુંદર શ્યામળા બહુ નામી.
વ્હાલા ગોવરધન ધારી વિનતી લેજો સ્વીકારી
ભવ ભય હારી લ્યો ઉગારી...સુંદર શ્યામળા બહુ નામી.

(૨૧)

મલબારી—
ગુલાબ— } મીઠી મીઠી મધુરી વાણી તારી લાગે છે પ્યારી પ્યારી
હુલ્યો પ્રેમના તરંગમાં
મુને કીધી આભારી પ્રીતિ ધારી પ્રિતમ જાઉં વારી
રસીક રમો રંગમાં
સાચા પ્રેમીની જોડ ખુબ જામશે
મારા દીલના દરદ સહુ વામશે
દાસી જીવન સંગી બનીને રાચશે
તુજ હુકમે સહાય પ્રાણ આપશે
આવો આવો છબીલી પ્રેમ ઘેલી રસીલી ઓ નવેલી ભેટો
મને ઉમંગમાં......મીઠી મીઠી.

(૨૨)

મેના-જંગબારી-પિયુજી આજ પ્રેમ રંગમાં રસે રીઝાવશું
ઉમંગ રંગ ઉર મહીં છલકાય.........આજ.
પ્રીતિના પાન પાઓ આવો અલબેલડી
રામા રસીલી તું દીલ વસેલી
નારી નવેલી હું પ્રેમની વેલી છું.........આજ.

(૨૩)

ચંદ્ર— દાવ દશા પલટે પલક પલક માંહી
કોઈ સુખી નાંહી ખલક માંહી.........દાવ.
ક્ષણમાં અમીરી ક્ષણમાં ફકીરી
એજ છાયા જગે છાઈ............. દાવ.
રંગ સંધ્યા તના જ્યમ બદલાતા
તેમ સ્થીતી સ્થીર નાહીં............દાવ.

(૨૪)

મલબારી તથા } માઈ ડોલી જીગર દે ખોલી
ઓવેષ ભાણીઓ } ઓ લવલી જોલી (Lovely Johly)
બોલો મધુર કાંઈ બોલી.........માઈ.
માઈ ડોલી (૩)
કમ નિયર (Come near) આશક પર પ્યાર કર
નહીં મળશે આવો કો જબર નર
કમ ડીયર લવથી (Come dear) તું મારૂં દીલ હર

શરમા ના ઘુંઘટ પટ દૂર કર
જાઓ જાઓ આ શો ઢોંગ
Come along, sing song, live long
કમ એલોંગ સીંગ સોંગ લીવ લોંગ......માઇ.

(૨૫)

બી વેષે ભાણીઓ—	કુંવારૂં રહેવું પાલવેજ સારૂં બળ્યુ પરણવાનુ
જંગબારી—	કાકાજી બળ્યું પરણવાનું
મલબારી—	સારો ધણી જો નહીં મળે તો જુગ જુગ રડવાનુ

કાકાજી જુગ જુગ રડવાનુ
પ્રેમથી રમાડું તને વ્હાલી હમેશાં ખાલી તું શીદ અકળાય
ઓ વ્હાલી ખાલી તું શીદ અકળાય
ભાણીઆ દીકરા મુગો મરી રહે નહીં તો ફજેતો થાય
ઓ કાકા તમારૂં નખોદ જાય
મેના તુ ક્યારે હવે મારી થાય...નહીં તો...કુંવારૂં.

(૨૬)

મધુરબાળા—તાત દયાળુ દેજો વર વરદાઈ
સંકટ ટાળો શીશુના કર સાહી. તાત.
પિયુ વિયોગે અટુલી અટવાઇ
તલખી બિલખી દીલ જાય મુંઝાઇ
જાયે જીવન દોર તુટી વછુટી
યાચું શરણુ તુજ અતિ સુખદાઈ. તાત.

(૨૭)

ચંદ્— પ્રાણ્ વિદારક બન્યો વિનાશક
પાળી પંખી પ્રેમે ભોળું
છેહ દઇને દુઃખે રોળ્યું મેં
તે ત્રાસ સ્હેવાયે ના. પ્રાણ.
શાને બન્યો હું અવિચારી
હતી પ્રેમ ભોળી સતિ એ નારી
થઇ અતિ અવિચારી મતિ અતિ ક્રુર ધારી
રીબાવી બાળા બીચારી
દુઃભાવી ભોળીને તે ત્રાસ સ્હેવાયે ના. પ્રાણ.

(૨૮)

મધુર } એ...પિયુ પામી સહુ સુખ સ્વર્ગ કુરાંરે
ચંદ્ } મને લાગે જગ પ્રેમનું ભરેલું રે હાં
ઝુલે દીલ પ્રેમને હીંડોળે
મૃદુ હેલી, રહી રેલી લ્યો ઝીલી
સુખ મલકે દગ પલકે અંતર ડુલે—ઝુલે.
પ્રીતિની દેવીને અંતર ધારૂં,
ધન્ય માનું આજે જીવન મારૂં
જાઉં સાન ભાન ભુલી, કંઠે કંઠ ઝુલી
પીઉ કાન્તિ મીઠી મધુરી
રસભીનાં અંતર આ પ્રેમે ડુલે—ઝુલે.

(૨૯)

સાહેલી—પંથ સતિ ન્યાળેરે કંથનો
ભેદ નહીં જેમાં ભગવંતનો
સુખ દુઃખ માંહી સદાય બનતી જીવન સંગી પ્રેમદા
પિયુ દર્શનથી દીવાની થાતી પ્રેમની રંગી સર્વદા...પંથ
જાપ જપે છે નાથ નામનો
વિશ્વ પિયુમાં દેખેરે
છે પ્રિયતમ ગુણુની ઘેલી
જગ દેવી જશવંત..............................પંથ.

(૩૦)

મેના-જંગબારી—રમુ રંગે પ્રિતમજીની સંગે ઉછંગે
શો છવાયે આનંદ અંગે અંગે............રમુ.
ચટક લટક ચમકદાર શી તમારી દીલદાર,
વ્હાલી રસીલી જાઉં બલીહાર;
કીધી પ્રેમે ઘેલી ભોળી આ નાર,
ભાવ ધરી પ્રિય પ્રાણુ ભેટ લે ઉમંગે.......રમુ.

(૩૧)

મેના-જંગબારી—આવો આવો છેલા
આવો અલબેલાં
મન મેલા આવો છેલા
પ્રેમ ઘેલાં છો રસીલાં..............આવો.

પ્રેમ વારી પ્રિતે પ્યારા પાઉં
વાહ વ્હાલી વારી વારી જાઉં
પ્રિય આવો
મન ભાવો
લઇએ લ્હાવો...છેલા...છેલા........આવો.

(૩૨)

ભાનુમતી— અહા આજે આનંદ હું ધારૂં
હું પામી આજે સુખ
જાળ છેદી પાપીઆને હુ સંહારૂં......અહા.
સત્ય સહાયક હો સુખદાયક
લજ્જા રાખી વ્હાલા શ્રી જગનાયક
સ્વામીને પામીને સુખે વિરામું હું
ધન્ય ઘડી દીન આજ અનુપમ
મંગલ પામી હું મારૂં..............અહા.

(૩૩)

વિજયસેન—કોઈ આવોને મીલાવો પ્રિય પ્રેમદા રીઝાવો
મારૂં મન આ મનાવો કોઇ સુંદરી એ લાવો
તન મન ધન અરપું સુખને કાજ.........કોઇ
દિન પરે જે રાખી દયાને
અંતર અઢળક દાખે મયાને
સુખ દુ:ખ કરતી સહન-રાત-દિન ઉરે હાં
ચિત્ત શાન્તિ અતિ થાય...................કોઈ

(૩૪)

સર્વે— મંગલ દીન આજે આનંદ અપાર
સંકટ આજે સહુનાં ટાળ્યાં
જગ માંહિ સહુ જન પામ્યાં સુખદ સંસાર. મંગલ.
કરો ઇશ અમી ભરી દગ આ જગતપર
ભરો સહુ સ્થળમાં શાન્તિ
પુન્ય પથ જયકારી ભીડ ભાંગે ભયહારી
કરજો વિભુજી પ્રેમે ઉદ્ધાર મંગલ.

સમાપ્ત

રાજકવિ નથુરામ સુંદરજીનાં પુસ્તકો.

નાટ્યશાસ્ત્ર.

દ્રશ્ય સાહિત્યનો અપુર્વ ભંડાર ... . કિંમત રૂ. ૫–૦–૦

પ્રતાપ પ્રતિજ્ઞા.

શુદ્ધ વીરરસ પ્રાધાન્ય નાટક .... કિં. રૂ. ૧–૦–૦

શ્રી કૃષ્ણ બાળલીલા.

શ્રી કૃષ્ણ પરમાત્માના સંગીતમય ગુણગાન કિં. રૂ. ૧–૦–૦

શૃંગાર સરોજ.

શૃંગાર રસથી ભરપુર કાવ્ય. બીજી આવૃત્તિ કિં. રૂ. ૧–૦–૦

આ તમામ પુસ્તકોનું પોષ્ટ ખર્ચ જુદું.

સંગીત શાસ્ત્ર. છપાય છે.

નથુરામ કૃત કાવ્ય સંગ્રહ ભાગ ૧ લો. છપાય છે.

મળવાનું ઠેકાણું.

રાજકવિ નથુરામ સુંદરજી શુકલ.

વાંકાનેર. (કાઠીઆવાડ.)

જાહેર ખબર.

અમારી કંપનીના નીચલા નાટકોનાં ગાયનોની ચોપડીઓ જ્યાં અમારો મુકામ હશે ત્યાંથી નીચલી કિંમતે રોકડેથી અથવા વેલ્યુપેબલ પાર્સલથી મંગાવ્યાથી મળશે.

ચોપડીનું નામ.		કિંમત.
માયા મોહિની....	....	....૦-૨-૦
માનવી પ્રપંચ....	....	....૦-૨-૦
માલતી-માધવ....	....	....૦-૨-૦
નીતિ લતા	....	....૦-૨-૦
મધુરબાળા ...	....	....૦-૨-૦